

**'મેં તો શણગાર્યો ચાચર ચોક.. માડી ઘેર આવોને...**
**મેં તો ગરબો માંડયો ગોખ... માડી ઘેર આવો ને...'**

નવરાત્રીનું પાવન પર્વ ચાલી રહ્યું છે અને ભલે કોરોના મહામારીના કારણે શેરી ગરબા યોજાઈ શકયા ના હોય પરંતુ રૂમઝુમ પગલે પધારતા માતાજીના વધામણાં કરવાનું હૈયે હેત દરેક શ્રધ્ધાળુઓને એટલું જ ઉમટી રહ્યું છે. ગાંધીનગરના વાવોલ ખાતે પુન્દ્રાસણ રોડ પર આઈ શ્રી ખોડીયાર ધામે દરરોજ રાત્રે કરવામાં આવતી અનોખી રોશની અને માતાજીનો શણગાર ભાવિકોને ભાવવિભોર કરી રહ્યો છે.

# ચ-૭ પાસે અજાણ્યા વાહનની અડફેટે ધોળાકુવાના યુવકનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના ચ-૭ પાસે રાત્રીના અઢી વાગ્યાના સુમારે અજાણ્યા વાહનની અડફેટે ધોળાકુવાના યુવકને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત યુવાનને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લઈ જવાયો હતો. ત્યારબાદ યુવકને વધુ સારવારઅર્થે અમદાવાદ મોકલી દેવાયો હતો. જયાં સારવાર દરમિયાન યુવકનું મૃત્યું નિપજયું હતું.

શહેર નજીક આવેલા ધોળાકુવા ગામના ઠાકોરવાસ ખાતે બલરામ છાત્રાલયની સામે રહેતા ૩૧ વર્ષિય કિરણ દેવાજી પરમાર છુટક મજુરી કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. શુક્રવારના રોજ સવારે ઘરેથી નીકળેલો યુવક રાત દરમિયાન ઘરે પહોંચ્યો ન હતો. શનિવારના રોજ સવારે ૮ વાગે પરિવારને અકસ્માત અંગે જાણ થઈ હતી. યુવકને ચ-૭ પાસે અજાણ્યા વાહનની અડફેટે આવી જતા ડાબા પગે અને હાથે ઈજા પહોંચી હતી. જેથી ઈજા પામેલ યુવકને પહેલા ગાંધીનગર સિવિલ અને વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ રીફર કરાયો હતો. જેથી ઈજા પામેલા યુવકના મોટાભાઈ સુરેશ દેવજીભાઈ પરમાર અમદાવાદ સિવિલ ગયા હતા. જયાં યુવક બેભાન અવસ્થામાં હતો અને સારવાર ચાલુ હતી. અમદાવાદ સિવિલ ખાતે સારવાર દરમિયાન યુવકનું મૃત્યું નિપજયું હતું. મૃતક યુવકને પરિવારમાં પત્નિ, બે દિકરી, એક દિકરો છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસે અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

જયારે બીજા બનાવમાં તપોવન સર્કલ થી કોબા તરફ જતા માર્ગ પર સુઘડ પાટીયા પાસે અજાણ્યા વાહન ચાલકે હોન્ડા સાઈન બાઈક નં.જી.જે.૨૩.એ.એલ.-૩૪૫૬ ના ચાલકને અડફેટે લીધો હતો. જેથી બાઈક ચાલકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ગંભીર ઈજાને પગલે યુવકને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ ખસેડાયો હતો. જયાં સારવાર દરમિયાન યુવકનું મૃત્યું નિપજયું હતું. બનાવ અંગે અડાજલ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ શરુ કરી છે.

કુડાસણ વિસ્તારમાં રહેતા ૩૬ વર્ષિય યુવક તરંગ ભરતભાઈ તલાટી પોતાનું બાઈક લઈને નીકળ્યો હતો. ત્યારે રાત્રીના સાડા અઠ વાગ્યાના અરસામાં સુઘડ પાટીયા સામે રોડ ક્રોસ કરતા સમયે તપોવન સર્કલથી કોબા તરફ જતા માર્ગ પર અજાણ્યા વાહન ચાલકે બાઈકને અડફેટે લેતા યુવક નીચે પટકાયો હતો. જેથી યુવકને માથાના પાછળના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તને ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયો હતો. ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ લઈ જવાયો હતો.જયાં સારવાર દરમાયન યુવકનું મૃત્યું નિપજયું હતું.

# દબાણ હટાવતાં ગોકુળપુરાના ૧૨૯ વૃક્ષોને થયેલા નુકશાનની ઘટનાથી પ્રકૃતિપ્રેમીઓમાં રોષ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરના 'ક' રોડ પર ગોકુલપુરા પાસેની દબાણો હટાવતા ૧૨૯ વૃક્ષોને નુકશાન થવા પામ્યુ હતુ. આ માટે વન વિભાગ દ્વારા માર્ગ અને મકાન વિભાગ પાસેથી પ્રતિ વૃક્ષ રૂ. ૧ હજાર લેખે રૂ. ૧.૨૯ લાખનો દંડ વસુલવામાં આવ્યો હોવાના સમાચાર માધ્યમોમાં પ્રકાશિત થયા હતા. જો કે ૧૨૯ જેટલા વૃક્ષો જુના વૃક્ષો પડી જાય અથવા તેના મૂળિયા હલી જાય જેના થકી પર્યાવરણને થયેલુ નુકશાન ખૂબ જ મોટુ છે તેવુ શહેરના પ્રકૃતિપ્રેમીઓ માની રહ્યાં છે અને તેના પ્રમાણમાં વસુલવામાં આવેલો દંડ નજીવો છે અને આટલા વર્ષો જુના મહાકાય અને ઘટાદાર વૃક્ષોની કતલ સામે દંડ કરતા પણ વધુ આકરી સજા હોવી જોઈએ તેવા મત સાથે પ્રકૃતિપ્રેમીઓમાં રોષની લાગણી પ્રવર્તી રહી છે.

ગાંધીનગર એ પ્રકૃતિપ્રમીઓનું શહેર છે અને એક સમયે ગ્રીન સિટી તરીકે જાણીતુ પાટનગર હવે ગ્રીનસિટી તો રહ્યું નથી પરંતુ આ શહેરમાં જેટલાં પણ વૃક્ષો વધ્યાં છે તે પણ તંત્ર દ્વારા યેનકેન પ્રકારે નાશ પામી રહ્યા છે જે બાબતે શહેરના પર્યાવરણપ્રેમીઓમાં ગંભીર ચિંતા સાથે ભારોભાર દુ:ખની લાગણી પ્રવત્તી રહી છે. અગાઉ પણ શહેરમાં માર્ગોને સિક્સલેન કરવાથી માંડીને ઘ-૪ સર્કલે જરૂર ના હોવા છતાં શહેરીજનોના માથે ફટકારી દેવાયેલા અન્ડર પાસ સહિતના વિકાસ કાર્યોના નામે આમ વૃક્ષોની કલ્તેઆમ થતી આવી છે અને શહેરના સત્તાધીશો માત્ર 'મગરના આંસુ'' સારવાનુ નાટક કરવાથી વિશેષ કંઈ કરતા નથી કેમકે આ વૃક્ષોની સતત થઈ રહેલી કત્લેઆમ સાથે કરાતા વિકાસ કાર્યોમાં માત્ર સત્તાધીશોની ''મલાઈ'' ઉતારવાની મનશા જ કારણભૂત હોવાનુ પ્રજામાનસમાં સ્પષ્ટ વલણ જણાઈ રહ્યુ છે.

**સોશિયલ મિડીયા પર પર્યાવરણપ્રેમીઓમાં સમગ્ર ઘટના તંત્રની સમજી વિચારીને કરાયેલી સાજીશ હોવાની ચર્ચા : વર્ષો જુના ૧૨૯ વૃક્ષોને પાડી ૧.૨૯ લાખ જેટલા નજીવા દંડના નાટક સાથે કરોડોની જમીન પર આસાની વૃક્ષો હટાવી દેવાનો કારસો રચાયો હોવાનો મત**

તાજેતરમાં જ વર્ષોમાં ખ-રોડ, ગ-રોડ, ઘ-૦ સર્કલે સિક્સલેન, ચિલોડા રોડ સિક્સલેન તથા ઘ-૪ સર્કલે અન્ડરપાસ જેવા અનેક વિકાસ કાર્યોના નામે હજ્જારોની સંખ્યામાં વર્ષો જુના લીલાછંમ અને ઘટાદાર વૃક્ષોની આહુતિ આપી દેવામાં આવી છે, હજુ તો આ બાબતે નાગરિકોના હૃદયમાં ઉઠેલી ટીસનું દર્દ શમ્યુ નથી ત્યાં તો વધુ ૧૨૯ વૃક્ષોનો સોથ વળી ગયો હોવાની ઘટનાએ પ્રજામાનસમાં આક્રોશ પેદા કર્યો છે.

વળી આ સાથે વસુલાયેલા નજીવા દંડની કામગીરીથી જાણે તંત્રએ કોઈ મોટો મીર માર્યો હોય તેમ છાતી ફુલાવીને કરેલી જાહેરાતો માત્ર અને માત્ર સમજી ઘટના પર ઢાંકપિછોડો કરવાની અને મગરના આંસુ સારવાની નિયત દર્શાવી હોય તેવુ જાગૃત નાગરિકો માની રહ્યાં છે. આ ઘટના સાથે જ શહેરના સોશિયલ મિડીયામાં પ્રકૃતિપ્રેમી નાગરિકોના અનેક ગૃપમાં રોષ પ્રગટ થવા લાગ્યો છે અને ૧૨૯ વૃક્ષોની કત્લેઆમ માટે માત્ર નજીવો દંડ નહી પંતુ આકરી સજાની કાર્યવાહી થવી જોઈએ જેથી ભવિષ્યમાં ફરી આવી ભૂલ થાય નહી તેવો દાખલો બેસાડવામાં આવે તેવી માંગ કરતી પોસ્ટ જોવા મળી રહી છે.

ઘણી પોષ્ટમાં તો પ્રકૃતિપ્રેમી નાગરિકો સ્પષ્ટપણે એવુ માની રહ્યાં હોવાનું જણાય છે કે કરોડોની જમીન થોડા ગરીબ ઝુંપડાવાળાની હામ સાથે રૂ. ૧.૨૯ લાખ જેટલી નજીવી કિંમતમાં પચાવી પાડવામાં આવી હોય તેવી આ ઘટના છે તો કોઈક એવુ પણ માની રહ્યું છે કે કાયદેસર રીતે વૃક્ષો કાપવા માટે ઘણી લાંબી ઝંઝટભરી પ્રક્રિયામાંથી પસાર થવુ પડે એટલે આ રીતે કાપીને દંડનું નાટક કરી અધિકારીઓ તથા લાગતાવળગતાઓ વચ્ચેની સાંઠગાંઠની આ મીલીભગતનો ખેલ છે જેમાં વૃક્ષો કાપ પરવાનગી લેવી, માર્કિંગ કરવુ, નવા વૃક્ષો ઉગાડવાની જગ્યા શોધવીતેનું વાવેતર કરી ઉઘાડવા જેટલી જફાઓથી બચી પણ જવાય અને સરકારના એક વિભાગમાંથી બીજા વિભાગમાં દંડના નામે નાણાં ટ્રાન્સફર કરીને પ્રજાને આસાનીથી ઉલ્લુ બનાવી વૃક્ષોની કટૌતી પણ થઈ જાય. પર્યાવરણ પ્રેમીઓનો આક્રોશ જોતા લાગી રહ્યુ છે કે આ ઘટના બાબતે શક્ય છે કે નજીકના દિવોસમાં વધુ રોષ ફેલાય અને વિરોધ પ્રદર્શનો પણ યોજાય.

## ખૂણેખાંચરેથી

- આજે દશેરાની ઉજવણીમાં લોકો ફાફડા ને જલેબી લેવા સવારે નીકળ્યા હતા પરંતુ બપોર પછી ઘરાકીમાં મંદી જોવા મળી હતી.
- રાજ્યના માહિતી ખાતાના વડા માહિતી કમિશનર અશોક કાલરિયા (આઈએએસ) તેમજ વધુ એક ડે. ડાયરેક્ટર હિમાંશુ ઉપાધ્યાય કોરોનાથી સંક્રમિત થયા.
- વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૩૦-૩૧ ઓકટો.ના રોજ રાજ્યના પ્રવાસે આવી રહ્યા હોવાથી તંત્રએ આ માટેની તૈયારીઓ આરંભી દીધી છે.
- પેટા ચૂંટણીના પરિણામો પછી જિલ્લા-તાલુકા અને નગર મહાનગરોના સંગઠનોમાં બદલાવનો મુદો હાથ પર લેવાશે તેવી વાતો રાજકીય વર્તુળોમાં શરૂ થઈ છે.
- આજે દશેરાના દિવસે ટુ વ્હીલરના વેચાણમાં મંદીનો માહોલ છવાયેલો જોવા મળ્યો જો કે ફોર વ્હીલરના વેચાણમાં પણ લગભગ ગત વર્ષની તુલનામાં ૧૦થી ૨૦ ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

# કેવડિયા માટેનું સી પ્લેન માલદિવ્સથી રવાના થયું

કેવડિયા આવવા માટે આ સી-પ્લેન માલદિવ્સના માલેથી ઉપડ્યું છે. આ રેગ્યુલર સી-પ્લેન સર્વિસ દિવસમાં ૪ વખત સાબરમતી રિવરફ્રન્ટ અને સ્ટેચ્યુ ઓફ યુનિટીને જોડશે. રાજ્યમાં સી-પ્લેનના આગમનને લઈ તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. તારીખ ૩૧મી ઓક્ટોબરે વડાપ્રધાન મોદીના હસ્તે જેનું લોકાર્પણ થવાનું છે તે સી-પ્લેન સોમવારે ગુજરાત આવી પહોંચશે તેવું જાણવા મળી રહ્યું છે. ગુજરાત આવવા માટે આ સી-પ્લેન માલદિવ્સની રાજધાની માલેથી રવાના થઈ ગયું છે. અમદાવાદ સાબરમતી નદીમાં આ સી પ્લેન ઉતારવાનું કાઉન્ટ ડાઉન પણ શરૂ થઈ ગયું છે. ડૉક્ટર રાજીવકુમાર ગુપ્તાએ ટ્વિટ કરીને એક વીડિયો શેર કર્યો છે અને લખ્યું છે કે, કેવડિયા આવવા માટે આ સી-પ્લેન માલદિવ્સના માલેથી ઉપડ્યું છે.



ગાંધીનગરમાં દશેરાના પવિત્ર પર્વ નિમિત્તે શ્રી રાજપૂત સમાજ દ્વારા પરંપરાગત રીતે શસ્ત્રપૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર સોશ્યલ ડિસ્ટન્સનું પાલન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ લાલસિંહ વાઘેલા, મહામંત્રી હિતેન્દ્રસિંહ રાઓલ, જુજારસિંહ ચાવડા, બાબુસિંહ જોજા વગેરે હોદ્દેદારો દ્વારા પૂજનવિધિ તથા આરતી કરી આસુરી શકિતઓ પર દૈવી શકિતના વિજય માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

# અમદાવાદનો રિયલ 'રાંચો' એટલે રણછોડલાલ છોટાલાલ: 'બાબુમાંથી બિઝનેસમેન' બન્યા હતા

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

એક સમય હતો જ્યારે અમદાવાદમાં ૮૧ મિલો ધમધમતી હતી જેમાં પહેલી કાપડની મિલના સ્થાપક એવા રણછોડલાલ છોટાલાલને આજે પણ લોકો યાદ કરે છે. તેમણે ૨૦ વર્ષ સુધી જકાત અને દફતર ખાતામાં નોકરી કરી હતી. સમાચારપત્રો, પુસ્તકો અને નિષ્ણાંતો પાસેથી જ્ઞાન મેળવીને તેમણે કાપડ મિલનું પ્રયોજન કર્યું હતું અને તેના માટે બ્રિટનથી મશીનરી મંગાવી હતી પરંતુ ભારત આવતાં પહેલાં ખંભાતના દરિયામાં ડૂબી ગઈ અને તેમનો ઈજનેર કોલેરામાં મૃત્યુ પામ્યો હોવા છતાં હિંમત હાર્યા વિના પ્રયાસ ચાલુ રાખ્યા અને શાહપુરમાં ભાવિ માન્ચેસ્ટરનો પાયો નાંખ્યો હતો. કોઈએ લખ્યું છે કે આ જહાજ ડૂબી ગયું ન હોત તો ભારતની પહેલી મિલ મુંબઈમાં નહીં અમદાવાદમાં સ્થપાઈ હોત. આ મિલ માટે ખંભાતમાંથી ૨૦૦ ગાડાં ભરીને મશીનરી અમદાવાદમાં લાવવામાં આવી હતી.

## અમદાવાદને 'ભારતનું માન્ચેસ્ટર' બનાવવાનું ગૌરવ રાવ બહાદુર રણછોડલાલને જાય છે

**એક અખબારે લખ્યું -- બાબુ બન ગયા બિઝનેસમેન...**

રણછોડલાલ એ અમદાવાદનો રિયલ રાંચો હતો. એક અખબારે લખ્યું હતું કે બાબુ બન ગયા બિઝનેસમેન... તેમને ગુજરાતમાં મિલ ઉદ્યોગના જનક કહેવામાં આવે છે. અંગ્રેજ સરકારે તેમને રાવ બહાદુરનો ખિતાબ આપ્યો હતો. શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે તેમણે માતબર રકમ દાનમાં આપી હતી. રાવ બહાદુરે ૧૯૫૯ના વર્ષમાં અમદાવાદ સ્પિનિંગ એન્ડ વિવિંગ કંપનીની સ્થાપના કરી હતી અને આ કંપનીએ ૧૮૬૧માં ૩૦મી મે ના દિવસે પોતાની મિલ ચાલુ કરી હતી. બેરોનેટ ઉદયન ચીનુભાઈના પૂર્વજ રણછોડલાલ અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રથમ પ્રમુખ હતા. પ્રમુખપદે તેમણે કરેલા ઉમદા કાર્યો આજના કોર્પોરેટરો માટે અનુકરણિય છે.

## મ્યુનિસિપાલિટીમાં તેમના ડ્રેનેજ, સ્વચ્છતા અને પાણીના સુધારાઓ બ્રિટનમાં વખણાયા હતા

**શહેરની વસતી ગીચતા દૂર કરવા માગતા હતા...**

રણછોડલાલે અમદાવાદની સુખાકારીમાં શ્રેષ્ઠ પ્રદાન કર્યું છે. ભગવાનલાલ બાહશાહે ૧૮૯૯માં લખેલા પુસ્તકમાં ઉલ્લેખ છે કે રાવ બહાદુરને સરકારે ૧૯૮૫માં અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ બનાવ્યા હતા. એ સમયે તેઓ ગુજરાતમાં સૌથી વધુ ધનવાન વ્યક્તિ હતા. લોકોની તંદુરસ્તી જાળવવા માટે તેમણે શહેરનું ગંદુ પાણી ડ્રેનેજથી બહાર લઈ જવાની, શહેરના લોકોને શુદ્ધ પાણી આપવાની તેમજ શહેરીની ગીચતા ઓછી કરવાના પ્રયાસો કર્યા હતા. એ જમાનામાં તેમણે એવું સૂચન કર્યું હતું કે અમદાવાદ શહેરની નજીક કાંકરિયા તળાવ આવેલું છે તેનું પાણી પીવામાં ઉપયોગ કરી શકાય તેમ છે. રાવ બહાદુરે ૧૮૮૩માં નોંધ કરી હતી કે લંડનની વસતી એક એકરે ૫૨ અને મુંબઈની વસતી એક એકરે ૪૯ લોકોની છે જ્યારે અમદાવાદ વસતી એક એકરે ૮૮ લોકોની છે. શહેરની વસતી ગીચતા દૂર કરવાના તેઓ કટ્ટર હિમાયતી હતા. તેમણે તેમના પગલાં દ્વારા પ્લેગની બિમારીને અમદાવાદમાં પ્રવેશવા દીધી ન હતી.

**અમદાવાદ ૧ મિલ થી ૮૧ મિલોની સફરનું સાક્ષી...**

ગુજરાતી ઉદ્યોગ સાહસિકો અને શ્રેષ્ઠીઓએ અમદાવાદને નવી ઓળખ ભારતના માન્ચેસ્ટરની આપી હતી. અમદાવાદ જેના નામ સાથે જોડાયું હતું કે ઈંગ્લેન્ડનું માન્ચેસ્ટર શહેર એના સુતરાઉ કાપડ માટે વિશ્વભરમાં જાણીતું હતું. મર્સી નદીના કિનારે આ શહેર વસ્યું હતું જ્યારે અમદાવાદ સાબરમતી નદીના કિનારે વસેલું શહેર છે. બન્ને શહેરોની હવા સુતરાઉ કાપડ માટે માફક આવતી હતી. અમદાવાદમાં એક તરફ મજૂરવર્ગ અને બીજી તરફ કપડાંના વેપારીઓ એમ બે ભાગ પડી ગયા હતા. અમદાવાદની પહેલી ટેક્સટાઈલ મિલના સ્થાપક રાવ બહાદુર રણછોડલાલ છોટાલાલ એટલે કે રણછોડલાલ રેંટિયાવાળા હતા. રણછોડલાલે પહેલી મિલ સ્થાપ્યા પછી અમદાવાદમાં ધડાધડ ૩૩ ટેક્સટાઈલ મિલો સ્થપાઈ હતી જે આંકડો ૮૧ સુધી પહોંચી ગયો હતો. મિલના કાળાં ધૂમાડા ઓકતી ચીમનીઓ અમદાવાદની ઓળખ બની ચૂકી હતી.

**ગુજરાતની સાઠોદરા નાગર જ્ઞાતિના હતા...**

રાવ બહાદુરના સંસ્મરણોનું એક પુસ્તક ઈન્ડિયન સિવિલ સર્વિસિઝના અધિકારી એસએમ એડવર્સ એ લખ્યું હતું જેમાં જણાવાયું હતું કે રણછોડલાલ એવી કોમમાંથી આવતા હતા કે જે કોમની મૂળભૂત વૃત્તિ અને પ્રણાલિકા સરકારી નોકરી કરવાની હતી. ગુજરાતની સાઠોદરા નાગર જ્ઞાતિ, જેમાં દયારામ, છોટમ, વ્રજલાલ શાસ્ત્રી, હરિલાલ ધ્રુવ, કેશવલાલ ધ્રુવ, મણિલાલ દ્વિવેદી, મસ્તકવિ બાલાશંકર કંથારિયા, નર્મદાશંકર મહેતા, રત્નમણિરાવ જોટે 'મલયાનિલ', યશોધર મહેતા, હરિપ્રસાદ શાસ્ત્રી જેવા સાહિત્ય અને વિદ્યાના ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન કરનારા તેમજ બ્રિટિશ હકુમતમાં ને તેની પહેલાં અને પછીના રજવાડાંમાં રાજકારભારમાં દિવાન પદ સુધીના ઉચ્ચ હોદ્દા પ્રાપ્ત કરી જનારા મહાનુભાવોના પૂર્વજ રણછોડલાલ હતા, જેમને ભાલે કાપડ મિલ ઉદ્યોગ અને વેપારના ક્ષેત્રમાં ગુજરાતમાં પહેલ કરી સિદ્ધિ મેળવવાનું શ્રેય લખાયેલું છે.

**તપસ્વીએ કહ્યું સાત પેઢીમાં જાહોજલાલી રહેશે...**

રણછોડલાલના જન્મ બાબતમાં પણ એવું કહેવાય છે કે તેમનો જન્મ માતપિતાની પાછલી અવસ્થામાં ગિરનારની યાત્રા દરમિયાન એક તપસ્વીના આશીર્વાદને કારણે થયો હતો. રણછોડલાલના દાદી પાટણમાં સતી થયેલા અને ચિતા પર ચઢતી વખતે પોતાના દીકરા છોટાલાલને કહેલું કે તારી સાત પેઢીમાં જાહોજલાલી રહેશે. પાટણ જતાં રસ્તામાં ડાકોરજા દર્શન કરવા છોટાલાલ ફેમિલી ગયું ત્યારે ત્યાં તેમની પત્નીએ ૨૯મી એપ્રિલ ૧૯૩૨ના રોજ પુત્રને જન્મ આપ્યો હતો. દીકરો ડાકોરમાં જન્મે એટલે રણછોડરાયની કૃપા એમ સમજી આ પુત્રનું નામ રણછોડલાલ પાડવામાં આવ્યું હતું. ૧૮૨૮ સુધી છોટાલાલે પાટણમાં નિવાસ કર્યો અને રણછોડલાલ જ્યારે છ વરસની ઉંમરના હતા ત્યારે ગાયકવાડી રાજ્યની બ્રિટિશ હકૂમતે કબજે લીધેલા અમરેલી ખાતે લશ્કરના પગાર અધિકારી એટલે કે બક્ષી તરીકે એમની નિમણૂક કરવામાં આવી હતી. આ વ્યવસ્થા એપ્રિલ ૧૮૩૨ સુધી ચાલી. દરમિયાન છોટાલાલે અમદાવાદમાં દેસાઈની પોળમાં મકાન ખરીદ્યું હતું. ૧૮૪૧ પછી તેઓ વડોદરા જઈને સ્થાયી થયા હતા.

**ગુજરાતી, સંસ્કૃત, પર્શિયન, અંગ્રેજી ભાષા પર પ્રભુત્વ...**

રણછોડલાલનું બાળપણ સામાન્ય રહ્યું છે. મોટી ઉંમરે છોટાલાલના ઘરમાં દીકરો પ્રાપ્ત થયો હોવાથી તેઓ લાડકોડમાં ઉછર્યા હતા. રણછોડલાલના શિક્ષણની શરૂઆત અમરેલીની એક ખાનગી સ્કૂલમાં છ વરસની ઉંમરે થઈ હતી, ત્યારબાદ અમદાવાદમાં તુળજારામ માસ્તરની નિશાળમાં ગુજરાતી અને ગુજરાતી સાહિત્યનો અભ્યાસ તો કર્યો જ પણ એમના પિતાની દોરવણી હેઠળ પર્શિયન ભાષા પણ તેઓ ભણ્યા હતા. દેવોની ભાષા તરીકે ઓળખાતી સંસ્કૃત બિંદુ વ્યાસ પાસે ભણ્યા. આગળ જતાં અંગ્રેજી શીખવા માટે એક પોર્ટુગીઝ સ્કૂલમાં અને ત્યારબાદ ટ્યુશન રાખીને એમણે આ ભાષાનો અભ્યાસ હાથ ધર્યો. આમ રણછોડલાલે ગુજરાતી, સંસ્કૃત, પર્શિયન અને અંગ્રેજી ભાષાઓ ઉપર પ્રભુત્વ મેળવ્યું હતું. માત્ર આઠ વરસની નાની ઉંમરે એમને યજ્ઞોપવીત સંસ્કાર આપવામાં આવ્યા અને એ જ વરસે બાપુજી મનસુખરામ જે અમદાવાદના સદર અમીનના હોદ્દે કાર્યરત હતા એવા અત્યંત ધનિક વ્યક્તિની પુત્રી જેઠીબા સાથે તેમના લગ્ન કરવામાં આવ્યા હતા. નાની ઉંમરે જેઠીબા એક તેજસ્વી અને બુદ્ધિમાન હતા. અત્યંત ધાર્મિક વૃત્તિ ધરાવતી આ તરુણી નિયમિત દેવદર્શને જતી અને મફત દવાઓ અને ખાધાખોરાકીની ચીજવસ્તુઓ તેમજ કપડાં વગેરેનું દાન કરતી હતી.







**૧૦ રૂપિયાનો પગાર છેલ્લે ૧૫૦ રૂપિયા થયો હતો...**

ક્યારેક જીવનમાં અણગમતી ઘટના બને તો પણ એને ઈશ્વરની ઈચ્છા સમજી માથે ચડાવવાની રણછોડલાલની સ્થિતપ્રજ્ઞતા કાબિલે તારીફ હતી. માસિક રૂપિયા ૧૦ના પગારે કસ્ટમ ખાતામાં તેમણે નોકરીની શરૂઆત કરી હતી. બે વર્ષ પછી માસિક ૨૦ રૂપિયા મળતા હતા. તેઓ જ્યારે દફતરદાર બન્યા ત્યારે તેમનો પગાલ મહિને ૧૫૦ રૂપિયા થયો હતો. ખંત, નિષ્ઠા અને કાર્યદક્ષતા ધ્યાને આવતાં અંગ્રેજ ઉપરી અધિકારીના ધ્યાનમાં આવ્યા હતા. સરકારી નોકરીમાં જીવન વિતાવવું તેમને ગમ્યું નહીં. તેમને ઈંગ્લેન્ડની માફક યંત્રસંચાથી ભારતમાં ઉદ્યોગ સ્થાપવાના વિચાર આવતા હતા. તેમણે તેમના મિત્ર મેજર ફુલ જેમ્સની મદદથી ઈંગ્લેન્ડના કાપડ ઉદ્યોગની માહિતી ભેગી કરી હતી.

**અમદાવાદના ઉદ્યોગપતિઓ મિલ શરૂ કરવા પ્રેરાયા...**

રણછોડલાલે ૧૮૬૧માં પહેલી, ૧૮૭૨માં બીજી, ૧૮૭૭માં ત્રીજી મિલ શરૂ કરી હતી. એમની સફળતાથી પ્રેરાઈને અમદાવાદનાં શ્રીમંતો એક પછી એક આ ઉદ્યોગમાં પડવા માંડ્યા. જોત જોતાંમાં અમદાવાદ મુંબઈ પછી દેશનું બીજા નંબરનું ઔદ્યોગિક શહેર બની ચૂક્યું હતું. અમદાવાદના ભારતના માન્ચેસ્ટરનો ઈલકાબ અપાવવાનું શ્રેય રણછોડલાલને જાય છે. સમૃદ્ધ બનેલા અમદાવાદમાં રણછોડલાલે ત્રણ પેઢી જોઈ હતી. એક સમયે કેટલાક અમદાવાદીઓને રણછોડલાલની સુધારવાદી નીતિ સામે વાંધો હતો. મ્યુનિસિપાલિટીની બેઠકમાં તેમનો હુરિયો પણ બોલાવવામાં આવતો હતો. એક સમયે ઉશ્કેરાયેલી ભીડે તેમની પર પથ્થરમારો કર્યો હતો પરંતુ ઘોડેશ્વાર પોલીસ તેમને બચાવીને ઘર સુધી લઈ ગઈ હતી. આજે અમદાવાદમાં ડ્રેનેજ અને પાણી માટેના નળ એ રણછોડલાલે વાવેલું બીજ છે. લંડનની સેનેટરી કોન્ફરન્સમાં તેમના સ્વચ્છતાના કાર્યોની નોંધ લેવામાં આવી હતી. ૧૮૯૬માં ભારતમાં ઉત્પાદિત થયેલા સુતરાઉ માલસામાન પર નાંખવામાં આવેલી કાઉન્ટર વેલિંગ ડ્યુટીનો તેમણે વિરોધ કર્યો હતો. આ સાથે ૧૮૮૪-૮૫માં નિમાયેલા ઈન્ડિયન ફેક્ટરી કમિશન દ્વારા સૂચવવામાં આવેલા ફેક્ટરી એક્ટમાં સુધારાઓનો પણ વિરોધ કર્યો હતો. બ્રિટીશ સરકાર દ્વારા આપવામાં આવેલા માન અને સન્માન છતાં પોતાના દેશવાસીઓની આશા અને અપેક્ષાઓ પ્રત્યે તેમની સહાનુભૂતિ રહેતી હતી.

## ડાકોરજીના ધામમાં જન્મ થયો એટલે ઇશ્વરના આશીર્વાદ મળ્યા કહી પિતાએ 'રણછોડ' કહ્યો

**માત્ર મિલ માલિક નહીં, સેવાના ભેખધારી પણ બન્યાં...**

યશોધર મહેતાના શબ્દોમાં કહીએ તો, 'રણછોડલાલ મિલમાં ય જતાં, મ્યુનિસિપાલિટીમાં ય જતાં ને પ્રાર્થના સમાજમાં ય જતાં હતા. મિલનો ઉદ્યોગ ફાલ્યો અને ફળ્યો. મ્યુનિસિપાલિટીમાં તેમનું નામ ન ભૂલાય તેમ લખાયું. પ્રાર્થના સમાજમાં તે ભાષણો આપતા પણ ઘેર આવીને પંચાયતન દેવોની પૂજા કરતા હતા. છેવટે તે ધારાસભામાં પણ ગયા. ઘરમાં નિત્ય દેવપૂજા-મૂર્તિપૂજા કરતા, પણ એક વખત દેવ અને પૂજાના પાત્રો ચોરાઈ ગયા ત્યાર પછી આવી બાહ્યપૂજા એમણે જીવનના છેલ્લા વર્ષોમાં છોડી દીધી હતી. આમ છતાં ભોજન પહેલાં નિત્ય સંધ્યાવંદન અને વૈશ્યદેવનું બ્રાહ્મણોચિત આહ્નીક શરીર ચાલ્યું ત્યાં સુધી કરતા રહ્યા. તેમણે દેશભરમાં અનેક તીર્થસ્થાનોની જાત્રાઓ કરી અને તીર્થસ્થાનોએ યાત્રાળુઓ માટે મોટા ઘાટ બંધાવ્યા. અમદાવાદની ૧૧૦ વર્ષ જૂની આરસી ટેકનિકલ ઈન્સ્ટીટ્યુટનું નામ જેમના પરથી પડ્યું છે તે રાવ બહાદુર રણછોડલાલ છોટાલાલ ૨૬મી ઓક્ટોબર ૧૮૯૮ના રોજ અવસાન પામ્યા હતા.